# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૦/ તા. ૦૫/૦૮/૨૦૨૦

પરિપત્ર-

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન નર્સિંગ, બી.એચ.એમ.એસ., ફિઝીયોથેરાપી, ઓપ્ટોમેટ્રી અભ્યાસક્રમ ચલાવતી કોલેજના આચાર્યશ્રીઓને જણાવવાનું કે આપની કોલેજમાં નીચે મુજબના વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના યુનિવર્સિટી દ્વારા આગામી સપ્ટેમ્બર / ઓક્ટોબર - ૨૦૨૦માં લેવાનાર રેગ્યુલર અને રીપીટર એક્ઝામના પરીક્ષા આવેદન પત્રો નીચે દર્શાવેલ સૂચનાઓ અને તારીખ મુજબ ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા જણાવવામાં આવે છે.

| Sr. No | Examination | Year | Exam Fee | Starting Date for Students to Fill Up Exam Form | Last Date to Submit Exam Form With Regular Fees |
|---|---|---|---|---|---|
| 1. | B.Sc. Nursing | 1, 2, 3 & 4 | 2100 | 05/08/2020 | 05/09/2020 |
| 2. | P.B.B.Sc. Nursing | 1 & 2 | 2100 | 05/08/2020 | 05/09/2020 |
| 3. | B.H.M.S. | 1, 2, 3 | 2500 | 05/08/2020 | 05/09/2020 |
| 4. | B.P.T. | 1 | 2500 | 05/08/2020 | 05/09/2020 |
| 5. | B.Opto. | 1 & 2 | 2500 | 05/08/2020 | 05/09/2020 |
| 6. | M.Sc. Nursing (Repeater Students Only) | 1 | 2700 | 05/08/2020 | 05/09/2020 |

પરીક્ષા આવેદનપત્ર ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા સંબંધિત સૂચનાઓ :

(૧) સંબંધિત સંસ્થાએએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ પરીક્ષા આવેદનપત્ર ઓનલાઈન ભરી, વેરીફાઈ કરી તેની પ્રિન્ટઆઉટ લેવાની રહેશે.

(૨) પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટની વિગતોની સંબંધિત વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવી તેમાં તેની સહી કરાવવાની રહેશે.

(૩) વિદ્યાર્થીએ સહી કરેલ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ પર સંબંધિત આચાર્યશ્રીએ ખરાઈ કરી પોતાની સહી અને સિક્કા કરવાના રહેશે.

(૪) પરીક્ષા આવેદન પત્રની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં ફાળવેલ ડીજીટલ ગેટવે થી ભરવાની રહેશે.

(૫) આચાર્યશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું મોડ્યુલમાં વેરીફીકેશન, પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ, નિયત પરીક્ષા ફી ની ઓનલાઇન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ નીચે દર્શાવેલ સમય પત્રક મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવાનો રહેશે.

| વિગત | રૂ. ૧૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ | રૂ. ૫૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ |
|---|---|---|
| **પરીક્ષા આવેદન પત્ર બાબત** | રેગ્યુલર ફી + રૂ. ૧૦૦/-<br>તા.૦૮/૦૯/૨૦૨૦ સુધી | રેગ્યુલર ફી + રૂ. ૫૦૦/-<br>તા.૧૦/૦૯/૨૦૨૦ સુધી |

(૬) યુનિવર્સિટી ખાતે આવેદન પત્ર મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા- વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ.

(૭) અધુરી કે ખોટી વિગતોવાળા આવેલ આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

(૮) સંસ્થાએએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ જમા કરાવવા મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.

નોંધ:

- પોર્ટલમાં દર્શાવેલ પરીક્ષા આવેદન ફીની કુલ રકમ વિદ્યાર્થી દીઠ રૂ. ૪.૫૦/- કપાત કરીને ગણતરીમાં લીધેલ હોય પોર્ટલમાં દર્શાવ્યા મુજબની પૂરી ફી ભરવી.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન નર્સિંગ, બી.એચ.એમ.એસ., ફિઝીયોથેરાપી, ઓપ્ટોમેટ્રી અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.